# મહેસાણા નગરપાલિકામાં પ્રમુખ સામે અવિશ્વાસ મંજુર

મહેસાણા, તા. ૫

મહેસાણા નગરપાલિકામાં આજે પાટીદાર પ્રમુખને વધુ એક વાર પ્રમુખ તરીકેની સત્તા છોડવાનો વારો આવ્યો છે. ઉત્તર ગુજરાતના પાટણ વિસનગર અને હવે મહેસાણામાં પાલિકાના મહિલા પ્રમુખ સામે પાલિકા અવિશ્વાસ મંજુર કરવામાં આવ્યું છે. આજે ૩૯ સભ્યો પૈકી ૩૮ સભ્યોએ પાલિકા પ્રમુખ મહેસાણા સામે અવિશ્વાસ મંજુર કરતો મત આપ્યો છે. જેમાં ભાજપ અને કોંગ્રેસ બંનેએ મંજુરીની મોહર મારતા આગામી સમયમાં પ્રમુખને સત્તા છોડવાનો વારો આવ્યો છે.

મહેસાણામાં અનામત આંદોલન શરૂ થવાની સાથે જ કોંગ્રેસને સત્તા મળી હતી. સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાન પર રાખીને તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં કોંગ્રેસનો દબદબો

યથાવત રાખીને પ્રમુખનો હોદ્દો મેળવ્યો હતો. ત્યારે પાલિકા પ્રમુખને ગત ૨૪ તારીખના રોજ ૨૨ સભ્યો કોંગ્રેસના ભેગા મળીને પાલિકા પ્રમુખ નીમીશાબેન પટેલ સામે અવિશ્વાસની દરખાસ્ત મુકી હતી. જ્યારે આજે ૪૪ સભ્યોમાંથી ૩૯ સભ્યો હાજર રહ્યા હતા અને ૩૮ સભ્યોએ અવિશ્વાસને ટેકો આપ્યો હતો. જ્યારે રમેશ પટેલ કોંગ્રેસ કોર્પોરેટરે જણાવ્યું હતું કે અમોને દુઃખ સાથે કહેવું પડે છે કે અમો એજ પાલિકા પ્રમુખને હટાવા મથામણ કરી છે પરંતુ તેઓના મનસ્વી નિર્ણયના કારણે અમોએ આવુ કરવુ પડી રહ્યું છે. અને તે તમામ સભ્યોએ મંજુર કર્યુ છે. જ્યારે કૌશિક વ્યાસ ભાજપ કોર્પોરેટરે જણાવ્યું હતું કે મહેસાણાના સ્થાનિક ધારાસભ્ય અને ડેપ્યુટી સી.એમ. નીતિનભાઈ પટેલે નગરપાલિકાને ઘણી ગ્રાન્ટો આપી છે. જ્યારે પાલિકા પ્રમુખ અમારો બને તેવો અમે મત મેળવીશુ અને આંતરિક જુથવાદના કારણે કોંગ્રેસ જે વિશ્વાસ મત મુખ્યો નથી તેથી અમોએ પણ મંજુરી આપી છે.

ભાજપ પોતાના પ્રમુખને મુકવા માટે મથામણ કરી રહ્યું છે અને કોંગ્રેસના સભ્યો હાલમાં પોતાના નવા પ્રમુખ માટે નામ જાહેર કરશે જ્યારે ૩ દિવસમાં પાલિકા પ્રમુખ રાજીનામુ આપીને નવા પ્રમુખની નિયુક્તી કરાશે જ્યારે હવે કોંગ્રેસ પાટીદારોને લોલીપોપ આપીને પ્રમુખ બનાવે છે કે પછી બીજી જ્ઞાતિને પ્રમુખ પદ આપવામાં આવશે તે વિચારવું રહ્યું.

## આ પણ વાંચીએ...

### ● અરબના શેખ બરફ ઓગાળી મેળવશે સ્વચ્છ પાણી

દુનિયાના ૧૦ સૌથી દુકાળગ્રસ્ત વિસ્તારોમાંથી એક યુએઈમાં પાણીની સમસ્યા વધતી જાય છે. આગામી ૨૫ વર્ષમાં અહીં એટલો દુકાળ પડશે કે જીવન કઠીન થઈ જશે. આ સમસ્યાના નિવેડા માટે અબુ ધાબીની

એક કંપનીએ અનોખો પ્લાન તૈયાર કર્યો છે. આ કંપની અહીંથી ૧૦ હજાર કિમી દુર એન્ટાર્કટીકાથી આઈસબર્ગ ખેંચી લાવશે. જેને ઓગાળીને તેનાથી પીવાનું સ્વચ્છ પાણી મેળવાશે.

### ● હવાઈમાં લગાવાશે સૌથી ઉંચો ટેલીસ્કોપ

ખગોળીય વૈજ્ઞાનિકો આકાશમાં થતી ઘટનાઓના અધ્યયન માટે

ટેલીસ્કોપ વાપરે છે. આવું જ એક ટેલીસ્કોપ હવાઈમાં લગાવવામાં આવશે. જેને ટીએમટી નામ અપાયું છે. ટીએમટી એટલે થર્ટી મીટર ટેલીસ્કોપ આ ટેલીસ્કોપ ૩૦ મીટરનું છે અને તેને એક ગુંબદમાં લગાવવામાં આવશે. જે ૨૧૭ ફીટ હશે. હવાઈમાં તેને લગાવવામાં આવશે.

# અરવલ્લી મહિલા કોંગ્રેસ દ્વારા સ્મૃતિ ઈરાનીને બંગડીઓ મોકલાવાશે

## મોડાસા સરકીટ હાઉસમાં ગુજરાતના પ્રભારી શોભનાબેન શાહે મહિલા કોંગ્રેસને ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપ્યુ

અરવલ્લી, તા. ૫

અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસા શહેર ખાતે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ મહિલા મોરચાનુ સંમેલન શુક્રવારે સરકીટ હાઉસ ખાતે યોજાયુ હતુ. ઓલ ઈન્ડિયા મહિલા કોંગ્રેસના મહામંત્રી અને ગુજરાતના પ્રભારી શ્રીમતી શોભનાબેન શાહના અધ્યક્ષસ્થાને યોજાયેલા મહિલા સંમેલનમાં મોટી સંખ્યામાં જિલ્લાની મહિલાઓ ઉમટી પડી હતી.

સંમેલનમાં હાજર રહેલી મહિલા કાર્યકર્તાએ સક્રિય થવા અને આવનારી વિધાનસભા-૨૦૧૭ની ચૂંટણીમાં કોંગ્રેસને સત્તા સ્થાને બેસાડવા માટે ઘરે ઘરે કોંગ્રેસનો નારો પહોંચાડી ચૂંટણીલક્ષી કામગીરીમાં જોતરાઈ જવા આહવાન કર્યુ હતુ.

મોડાસા સરકીટ હાઉસમાં યોજાયેલા અરવલ્લી જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિ દ્વારા આશ્ચર્યજનક કાર્યક્રમ આપી ૨૦૧૪માં હાલના કેન્દ્રીય મંત્રી સ્મૃતિ જુબીન ઈરાનીના ૨૦૧૪માં આપેલ શહીદ જવાનોના શહીદી અંગે મનમોહનસિંઘને કરારો જવાબ પાકિસ્તાનને આપવામાં વિલંબ કરાતા બંગડીઓ મોકલાવવાની વાત કરી હતી ત્યારે અત્યારે ભાજપાની સરકાર છે અને પાકિસ્તાન દ્વારા સતત ભારતીય સૈન્ય પર હૂમલા કરી ભારતીય સૈનિકોની બર્બરતા પૂર્વક હત્યા કરવા છતાં ભાજપા અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી જવાબી કાર્યવાહી ન કરતા અને શહીદ જવાનો માટે બે શબ્દ બોલવામાં પણ કંજુસાઈ કરતા હોવાનુ જણાવી તેમની જ વાત યાદ કરાવી આજની સરહદ પરની પરિસ્થિતિ જોતા તેમના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી માટે સમગ્ર અરવલ્લી જિલ્લામાંથી બંગડીઓ ભેગી કરી ૮ મે સુધીમાં અને સમગ્ર ગુજરાત રાજ્યમાંથી બંગડીઓ મોકલવામાં આવશે અને બંગડીઓ ઉઘરાવી મોકલવા તજવીજ હાથ ધરી હતી.

મહિલા કોંગ્રેસ સંમેલનમાં ઓલ ઈન્ડિયા મહિલા કોંગ્રેસના મહામંત્રી અને ગુજરાતના પ્રભારી શોભનાબેન શાહ, ગુજરાત પ્રદેશ મહિલા મહામંત્રી અને ઉત્તર ગુજરાતના પ્રભારી કુ. કિંજલબેન પુરોહિત, અરવલ્લી જિલ્લાના મહિલા પ્રભારી રેખાબેન સોલંકી, ગુજરાત પ્રદેશ મહિલા મહામંત્રી પ્રેમબા હાંડા, અરવલ્લી જિલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ સુમિત્રાબેન ડામોર, કુંવરબેન પ્રણામી, લીલાબેન અસારી ઉપસ્થિત રહી આવનારી વિધાનસભા-૨૦૧૭ની ચૂંટણીઓમાં જવલંત વિજય મેળવવાની અને ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનવાનો દાવો કરી ૨૦૧૭માં ગુજરાત રાજ્યમાં વિધાનસભામાં ૧૧૫ બેઠકો જીતવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

આ મહિલા સંમેલનમાં અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કમલેન્દ્રસીંહ પુવાર, પ્રદેશ કોંગ્રેસ સમિતિના જયદત્તસીંહ પુવાર, કાદરઅલી સૈયદે હાજરી આપી હતી.

# ગાંધીનગર મહાનગર દ્વારા મહિલા સંમેલન યોજાયુ

ગાંધીનગર, તા. ૫

શહેરના સેક્ટર-૨૧ કમલમ કાર્યાલય ખાતે તાજેતરમાં

મહિલા સંમેલન યોજાયુ હતુ. જેમાં પ્રદેશના મહિલા મોરચાના અધ્યક્ષ જયોતિબેન પંડયા તથા રાષ્ટ્રીય મહિલા મોરચાના ઉપાધ્યક્ષા કૌશલ્યા કુંવરબા અને પ્રદેશ મહિલા મોરચાના મહામંત્રી હેમાલીબેન બોધાવાળા તથા મહાનગરના મહિલા મોરચાના પ્રભારી રક્ષાબેન હાજર રહ્યા હતા. આ તબક્કે ગાંધીનગર મહાનગરના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ(દાસ) ઉપસ્થિત રહ્યા હતા અને આગામી વિધાનસભા ૨૦૧૭ ના ઈલેકશનમાં કેન્દ્ર સરકાર અને રાજય સરકારના વિકાસના કામો અને વિવિધ પ્રકારની જન સુખાકારી માટેની યોજનાઓ છેક છેવાડાના માનવીને આ યોજનાઓનો લાભ મળે તો તેનો પ્રચાર-પ્રસાર થાય બુથ લેવલના તમામ કાર્યકર્તા મહિલાઓને હાકલ કરી હતી.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગર તમામ વોર્ડમાંથી મહિલા કોર્પોરેટરો, સંગઠનની હોદ્દેદાર બહેનો તથા સક્રિય કાર્યકર્તા બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

# મેઘરજ તાલુકાના બસ્કાદાંતી ગામેથી ત્યજી દેવાયેલ નવજાત શિશુ મળ્યુ

મેઘરજ, તા. ૫

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના બસ્કાદાંતી ગામેથી મંગળવારના રોજ સાંજે આશરે દોઢ દિવસનું નવજાત શિશુ મળી આવતા સમગ્ર તાલુકામાં ચકચાર મચી જવા પામી છે.

મંગળવારના રોજ સાંજના ૬.૩૮ કલાકે કોઈ સદગૃહસ્તે ૧૦૮ને ફોન કરી જણાવ્યું હતું કે બસ્કાદાંતી તળાવની પાળ ઉપર કોઈ નવજાત શિશુને કોઈક ત્યજી ગયેલ હાલમતાં મુકી ગયુ છે તેવુ ૧૦૮ને ફોન કરી જણાવતા ૧૦૮ના પાયલોટ નરપતસિંહ ચૌહાણ તેમજ ઈએમટી દિનેશ ડામોર તાત્કાલિક એમ્બ્યુલન્સ લઈ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ત્યજી દિધેલ બાળકને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે મેઘરજ સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવતા હોસ્પિટલના હાજર સ્ટાફે નવજાત બાળકને સારવાર આપી હતી અને હોસ્પિટલમાં હાજર એક મહિલાએ બાળકને સ્તનપાન પણ કરાવ્યુ હતુ.

હોસ્પિટલમાં હાજર તબીબ ડૉ. સ્વેતલાનાબેને જણાવ્યું હતું કે આ શિશુનો જન્મ આશરે એકથી દોઢ દિવસ પહેલા થયો હોવાનું જણાવ્યુ હતુ અને શિશુને હિંમતનગર સરકારી હોસ્પિટલ બેબીકેરમાં રિફર કરવામાં આવ્યુ છે. જે નવજાત શિશુનુ વજન ૨ કિલો ૨૫૦ ગ્રામ છે અને તે હાલ તંદુરસ્ત છે તેવું તેમણે જણાવ્યું હતું.

# મોડાસામાં ફાયરીંગની ઘટના બાદ મુસ્લીમ સમાજમાં ઉત્તેજનાસભર માહોલ

## સુન્ની મુસ્લીમ ઘાંચી જમાઅત મોડાસા દ્વારા કલેક્ટર અને એસપીને આવેદનપત્ર આપી નિષ્પક્ષ તપાસની માંગ

મોડાસા, તા. ૫

મોડાસા શહેરમાં ગત શનિવારના રોજ મુસ્લીમ અગ્રણી અને સામાજીક કાર્યકર ઉસ્માનલાલા

પર થયેલા ખાનગી ફાયરીંગ બાદ મુસ્લીમ સમાજમાં તરેહ તરેહની ચર્ચાએ જોર પકડ્યુ છે. ફાયરીંગ ઘટના પછી આક્ષેપો પ્રતિ આક્ષેપો થતા મોડાસા શહેરમાં લઘુમતિ વિસ્તારમાં દિવસે ને દિવસે ફાયરીંગની ઘટના બાદ ઉત્તેજનાસભર માહોલ જોવા મળી રહ્યો છે. ગુરૂવારે ગોળીબાર પ્રકરણે નિષ્પક્ષ અને તટસ્થ તપાસ થાય તેવી માંગ સાથે સુન્ની મુસ્લીમ ઘાંચી જમાઅતના સદસ્યોએ જિલ્લા કલેક્ટર અને પોલીસ વડાને આવેદન પત્ર આપવામાં આવ્યુ હતુ.

મોડાસા સુન્ની મુસ્લિમ ઘાંચી જમાઅતના સદસ્યો દ્વારા ગુરૂવારે જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલ તેમજ જિલ્લા પોલીસવડા એન.કે. ડામોરને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ મોડાસામાં મુસ્લિમ અગ્રણી પર થયેલ ખાનગી ગોળીબાર મુસ્લીમ સમાજ માટે કલંક છે. મુસ્લીમ સમાજ ખાનગી ફાયરીંગ પ્રકરણને સભ્ય શબ્દોમાં વખોડી કાઢે છે. આ બનાવ સંદર્ભે જે ફરિયાદ થઈ છે તે પછી જે આક્ષેપો પ્રતિ આક્ષેપો થઈ રહ્યા છે. જેના પગલે ગામમાં ભયનો માહોલ સર્જાયો છે. તે જોતા ગામમાં શાંતિમય માહોલ જળવાઈ રહે તે માટે આ ઘટનાની તપાસ નિષ્પક્ષ થાય અને કોઈપણ જાતની શેહ શરમ વિના સાચો ગુનેગાર પકડાય તેમજ અન્ય કોઈપણ વ્યક્તિ ખોટી રીતે દંડાય નહિ તેવી જમાઅતેની લાગણી અને માંગણી હોવાનું જણાવી આ ગુન્હામાં સંડોવાયેલા આરોપીઓને ઝડપી પાડી સખત અને યોગ્ય સજા કરવામાં આવે તેવી સમાજના અગ્રણીઓએ માંગ કરી હતી.

## સેક્ટર-૮ ખાતે નિઃશુલ્ક યોગ શિબિર

ગાંધીનગર શહેરમાં આરોગ્ય અંગે નાગરીકો જાગૃત થયા છે. નગરમાં વિવિધ ઠેકાણે યોગ શિબિરના આયોજન થઈ રહ્યા છે. જેમાં નાગરીકો વધુ સંખ્યામાં જોડાઈ રહ્યા છે. ત્યારે સેક્ટર-૮ ગાંધીનગર સમાચાર કાર્યાલયની પાછળના ભાગમાં આવેલ જાહેર બગીચામાં યોગ શિક્ષક ચાંદમલ કાંસવા સે. ૨૨ દ્વારા તા. ૧ થી ૨૧ મે સુધી દરરોજ સાંજે ૫ થી ૬.૧૫ કલાક દરમિયાન નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન કરાયુ છે. આ શિબિરમાં જોડાનાર ભાઈ-બહેને શેતરંજી, હાથ રૂમાલ અને પીવાનું પાણી સાથે લઈને આવવાનું રહેશે.

## 'સ્માફ્રિશફ્ટ બાય મહિન્દ્રા'એ અમદાવાદમાં કામગીરી શરૂ કરી

૧૭.૮ અબજ ડોલરના મહિન્દ્રા ગ્રુપનું ડિજિટલ મોબિલિટી સ્ટાર્ટ-અપ સ્માર્ટશિફ્ટે અમદાવાદમાં તેની કામગીરી શરૂ કરવાની જાહેરાત કરી હતી અને અમદાવાદ કામગીરી શરૂ કરનાર ચોથુ શહેર છે. અંતરિયાળ વિસ્તારોમાં લોજિસ્ટિક્સ સ્પેસમાં કાર્યદક્ષતા વધારવાના ઉદ્દેશ સાથે સ્માર્ટશિફ્ટ કાર્ગોના માલિકો અને ટ્રાન્સપોર્ટર્સ વચ્ચે પ્લેટફોર્મ તરીકે કામ કરે છે, જેના માધ્યમ થકી બંને પક્ષો એકબીજા સાથે જોડાઈને કામ કરે છે, જેથી પારસ્પરિક લાભદાયક સંબંધોનું નિર્માણ થાય છે. સ્માર્ટશિફ્ટ કાર્ગોના માલિકો અને ટ્રાન્સપોર્ટર્સ માટે ઈન્ટ્રા-સિટી ડિજિટલ લોડ એક્સચેન્જ પ્લેટફોર્મ છે. જે તેમને એક સ્થળેથી બીજા સ્થળ સુધી અસરકારક પરિવહન સુવિધા પૂરી પાડવા સક્ષમ બનાવે છે. કાર્ગોના માલિકો (બિઝનેસ અને વ્યક્તિગત એમ બંને પ્રકારના યુઝર્સ) વૈશ્વિક કક્ષાની મોબાઈલ એપ (એન્ડ્રોઈડ પર ઉપલબ્ધ છે), વેબસાઈટ કે ડેડિકેટેડ કોલ સેન્ટર મારફતે સ્માર્ટશિફ્ટની સેવા મેળવી શકે છે. તેમાં મુખ્ય વિશેષતા એ છે કે સ્માર્ટશિફ્ટ આ સ્પેસમાં 'રિવર્સ બિડિંગ'ની સુવિધા આપે છે.

# ૩૦મીએ કેમિસ્ટની ટોકન સ્ટ્રાઈક

ગાંધીનગર, તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જેનરિક દવાઓ સસ્તી હોવાથી ડૉક્ટરોને જેનરિક દવાઓના જ પ્રિસ્ક્રિપ્શન તૈયાર કરવાની જાહેરાત કરી હતી, જેને મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ સમર્થન આપ્યું છે પરંતુ જીવન આવશ્યક દવાઓના ભાવને નિયંત્રણમાં રાખવા માટે ૨૦૧૩ની સાલમાં ભારત સરકારે તૈયાર કરેલો ડ્રગ પ્રાઈસ કંટ્રોલ ઓર્ડરની ક્ષતિને કારણે જ તમામ બ્રાન્ડેડ દવાઓના ભાવ ઉંચા બોલાઈ રહ્યા હોવાનો આક્ષેપ ધ ફેડરેશન ઓફ ગુજરાત કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસીએશનના પ્રમુખ જશવંતભાઈ પી. પટેલ અને માનદ મંત્રી પ્રદિપભાઈ ત્રિવેદીએ કર્યો હતો. તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે જેનરીક દવાઓ સસ્તી હોવાને નામે પ્રચાર કરતી સરકારે જ બ્રાન્ડેડ દવાના ભાવ નક્કી કરી આપવાની ફોર્મ્યુલા કોસ્ટ બેઝ એટલે કે ખર્ચ આધારિત ભાવ નક્કી કરવાના બદલે બજાર આધારિત ભાવ નક્કી કરવાની ફોર્મ્યુલા અપનાવીને બ્રાન્ડેડ દવાના ભાવ ઉંચા નક્કી કરી આપ્યા છે. આ સંજોગોમાં બ્રાન્ડેડ દવાઓ મોંઘી હોવા માટે કેમિસ્ટો જવાબદાર હોવાની સરકારની બૂમરાણ તદ્દન પાયા વિનાની અને બેબુનિયાદ છે. કેમિસ્ટોએ તેના વિરોધમાં આગામી તા. ૩૦મી મે ના રોજ એક દિવસીય ટોકન સ્ટ્રાઈક રાખવાનો નિર્ણય કર્યો છે.

## ફાંસી યથાવત

● અનુસંધાન પહેલાનું ચાલુ

પુરતી નથી. જસ્ટિસ દિપક મિશ્રા હળવું વલણ અપનાવે તેવી શક્યતા પહેલાથી જ ઓછી હતી. કારણ કે તેઓ મહિલાઓના મામલાઓમાં પહેલાથી જ ખુબ જ સંવેદનશીલ ગણવામાં આવે છે. તેઓ રેપના બનાવને ખુબ જ ગંભીર ગણે છે. હાલમાં જ તેઓએ એક ચુકાદો આપતા કહ્યું હતું કે, કોઈ મહિલાને પ્રેમ કરવા માટે મજબૂર કરી શકાય નહીં તેની પાસે હંમેશા ના કહેવાનો અધિકાર રહે છે. વકીલોના કહેવા મુજબ આ મામલો ખુબ જ સંવેદનશીલ છે. ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ની રાત્રે દેશના પાટનગર દિલ્હીમાં છ લોકોએ ૨૩ વર્ષની મેડિકલની વિદ્યાર્થીની ઉપર ચાલતી બસમાં સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો. દોષિતો પૈકી એક ૧૭ વર્ષનો કિશોર હતો. ભોગ બનેલી વિદ્યાર્થીની પોતાના મિત્રની સાથે ફિલ્મ નિહાળ્યા બાદ મોડી રાત્રે પરત ફરી રહી હતી. આ લોકો ઘરે પહોંચવાના ઈરાદાથી એક બસમાં બેસી ગયા હતા જ્યાં આરોપીઓએ તેના મિત્રની ધુલાઈ કરીને તેને બેભાન કરી દીધો હતો ત્યારબાદ ખુબ જ અમાનવીય રીતે તેના ઉપર ગેંગરેપ ગુજારવામાં આવ્યો હતો. ૨૯મી ડિસેમ્બરના દિવસે પીડિતાનું મોત થઈ ગયું હતું. ટ્રાયલના ગાળા દરમિયાન એક અપરાધી રામસિંહે તિહાર જેલમાં જ આત્મહત્યા કરી લીધી હતી. જ્યારે છઠ્ઠા આરોપી કિશોર હોવાના લીધે તેને ત્રણ વર્ષ સુધી જુએનાઈલ હોમમાં મોકલી દેવાનો આદેશ કરાયો હતો. સાકેત સ્થિત ફાસ્ટટ્રેક કોર્ટે ચારેય અપરાધીઓને ગેંગરેપ અને હત્યાના મામલામાં દોષિત ઠેરવ્યા હતા અને ૧૩મી સપ્ટેમ્બર ૨૦૧૩ના દિવસે ચારેયને ફાંસીની સજા ફટકારી હતી.

કોર્ટે આ મામલામાં રેરેસ્ટ ઓફ રેયર ગણાવ્યો હતો. ફાસ્ટટ્રેક કોર્ટના ચુકાદા બાદ અપરાધીઓએ હાઈકોર્ટમાં અપીલ કરી હતી. હાઈકોર્ટે પણ તેમની ફાંસીની સજા અકબંધ રાખી હતી. ત્યારબાદ તેમના તરફથી સુપ્રીમ કોર્ટમાં ખાસ અરજી દાખલ કરવામાં આવી હતી. સુપ્રીમમાં ચારેય અપરાધીઓએ હાઈકોર્ટના ચુકાદાને પડકાર ફેંકીને અપીલ કરી હતી. સુપ્રીમમાં ૪થી એપ્રિલ ૨૦૧૬થી દલીલોની શરૂઆત થઈ હતી. સુપ્રીમ કોર્ટે સિનિયર એડવોકેટ રાજુ રામચંદ્રન અને એડવોકેટ સંજય હેગડેને દોષિતોને બચાવવા માટે એમિકશ ક્યુરી બનાવ્યા હતા.

## વિદ્યાસહાયક જગ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિદ્યાસહાયકોની ખાલી જગ્યા ભરવાના મામલે ૨૦ ટકા જ જગ્યાઓ જ વેઈટીંગ લીસ્ટથી ભરી શકાય તેવી ભરતીના નિયમોમાં જોગવાઈ છે અને તેથી તે મુજબ જ જગ્યાઓ ભરી શકાય. હાઈકોર્ટે ભરતીના નિયમોને ધ્યાનમાં ચાલુ વિદ્યાસહાયકોની અન્ય જિલ્લામાં પસંદગીના કારણે ખાલી પડેલી જગ્યાઓ પૈકીની ૨૦ ટકા જગ્યાઓ વેઈટીંગ લીસ્ટથી ભરવા સરકારને હુકમ કર્યો હતો. અરજદાર ચંદ્રવદન ધ્રુવ દ્વારા કરાયેલી પીઆઈએલમાં એવી રજૂઆત કરાઈ હતી કે, રાજય સરકાર દ્વારા તા. ૨૨-૧-૨૦૧૭ની જાહેરાત મારફતે વિદ્યાસહાયકોની ખાલી ૬૦૦૦ જગ્યાઓ ભરવા અંગે અરજીઓ મંગાવવામાં આવી હતી. જેમાં કુલ ૪૯,૭૪૯ ઉમેદવારોએ અરજી કરી હતી. ત્યારબાદ સત્તાવાળાઓ દ્વારા પ્રક્રિયા પૂર્ણ કરી મેરિટ જાહેર કરી જિલ્લા પસંદગીની કાર્યવાહી હાથ ધરવાનું શરૂ કર્યું હતું. પરંતુ નોંધનીય વાત એ છે કે, કુલ ઉમેદવારોમાંથી ૫૦ ટકા જેટલા ઉમેદવારો તો વર્ષ ૨૦૧૬ની ભરતીમાં ઉંચા મેરિટ સાથે વિદ્યાસહાયક તરીકે પસંદગી પામી ચૂકયા છે અને હાલ તેઓ વિવિધ જિલ્લામાં વિદ્યાસહાયક તરીકે પ્રાથમિક શાળામાં ફરજ બજાવી રહ્યા છે. હવે આ જિલ્લા પસંદગીની પ્રક્રિયામાં જો તેઓ તેમના પસંદગીના જિલ્લામાં નોકરી મેળવશે તો તેના કારણે હાલ તેઓ જે જગ્યાએ ફરજ બજાવે છે, ત્યાંની જગ્યા તેમના રાજીનામાના કારણે ખાલી પડશે. આમ થવાથી લગભગ એક જ મહિનામાં ૫૦ ટકા જેટલી વિદ્યાસહાયકોની જગ્યાઓ ખાલી પડશે. જેની સીધી અસર બાળકોના શિક્ષણ પર પડશે. અરજદારપક્ષ દ્વારા ખાલી પડનારી આ જગ્યાઓ તાત્કાલિક વેઈટીંગ લીસ્ટથી ભરવા દાદ મંગાઈ હતી.

## ઘટ નિવારવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘટ નિવારવા માટે વનવિભાગ દ્વારા તા ૬ થી ૮ મેં દરમિયાન ભરતી પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. જેમાં અંદાજિત રાજય માટે ૭૫ જેટલા બીટ ગાર્ડની ભરતી કરવામાં આવશે. વધુમાં ગાંધીનગરમાં પણ ૩૨ જેટલા બીટ ગાર્ડની જરૂરિયાત સામે માત્ર ૧૩ જ છે. જેના લીધે સેકટર મુજબ જરૂરી કામગીરી પર વિપરિત અસર થવા પામી રહી છે. આવા સંજોગોમાં ભરતી પ્રક્રીયાના અંતે બીટ ગાર્ડની ઘટનો પ્રશ્ન પણ હલ થશે. બીટ ગાર્ડની ભરતીનો મામલો લાંબા સમયથી અટવાયેલો છે. જયારે ભરતીના અંતે લાયક ઉમેદવારોને ન્યાય મળશે .

## મહિલાઓ પર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પટેલે પણ આ કાર્યક્રમાં હાજર રહી જિલ્લાના મહિલા સરપંચ તથા ઉપસરપંચ તેમજ હાજર રહેલ ગ્રામ્ય મહિલાઓને આ શિબિરમાં કાયદાકીય જાગૃતિ તથા હિતોનું રક્ષણ અંગેની સમજ આપી હતી.

જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ પણ મહિલા વિષયક કાયદાકીય જાગૃતિમાં મહિલાના રક્ષણ તથા અત્યાચાર સામે કાનૂની સહાય મેળવવા અંગે સમજ આપી હતી.

ગુજરાત મહિલા આયોગ અધ્યક્ષ લીલાબેન અંકોલીયાએ મહિલાઓને તેમના હક્કો તેમજ કાયદાકીય સમજણ આપી કોઈપણ મહિલાઓને થતા અન્યાય કે અત્યાચાર સામે મહિલા આયોગમાંથી જરૂરી સહાય તેમજ માર્ગદર્શન માટે જ્યારે પણ જરૂર પડે ત્યારે તેમને મદદ કરવા તત્પરતા બતાવીશ. ગાંધીનગર જિલ્લાની ગ્રામ પંચાયતોની ૬૦ ટકાથી વધુ મહિલા સરપંચો આ કાર્યક્રમમાં હાજર રહેલ હતા. જિલ્લાની મહિલાઓ આ શિબીરમાં હાજર રહ્યા હતા. જિલ્લા પંચાયતના સામાજીક ન્યાય સમિતિના ચેરમેન લાલભાઈ પરમાર તેમજ વિણા પટેલ, આરતી દવે, પદાધિકારીઓ હાજર રહ્યા હતા.